# વડગામના રજોસણા ગામે ખેતર મુદ્દે પરિવાર ઉપર હુમલો : ૬ વિરુદ્ધ ફરીયાદ

વડગામ, તા. ૭

વડગામ તાલુકાના રજોસણા ગામે ખેતરમાં કેમ આવો છો ? કહીને બે લોકો પર ગામના જ ઈસમો દ્વારા હુમલો કરાયો હોવાની ફરીયાદ નોંધાઈ છે. ગત દિવસોએ પોતાના ખેતરમાં ટ્રેક્ટર લઈ ખેડવા માટે જતાં ફરીયાદીને ગામના કેટલાંક ઈસમોએ રોક્યા હતા. જ્યાં તમે કેમ અહીં આવો છો ? તેમ કહી અચાનક ઉશ્કેરાઈ જઈ હુમલો કર્યો હોવાનું ફરીયાદમાં લખાવ્યુ છે. આ સાથે પરિવારના લોકોને ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ તરફ પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના રજોસણા ગામે એક પરિવાર ઉપર ગામના લોકોએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. મૂળ રજોસણાના પણ હાલ પાલનપુર ઢુંઢીયાવાડી ખાતે રહેતાં મુકેશભાઈ જયંતિભાઈ દરજી ગત દિવસોએ પોતાના વતનમાં આવેલ ખેતરમાં ગયા હતા. જ્યાં ગામના મોહમંદ હનીફભાઈ ઈબ્રાહિમ માંકણોજીયાએ તેમની પાસે આવીને કહેલ કે, તમો અહી ખેતરમાં કેમ આવેલ છો ? આ ખેતર તો અમારૂ છે. જેથી ફરીયાદીએ કહેલ કે આ ખેતર અમારૂ હોઈ અમો અહીં વાવેતર કરવા આવ્યા છીએ.

આ દરમ્યાન હનીફભાઈ પોતાના ઘરેથી તેમના દીકરા સહિતના સાથે હાથમાં ધારીયું અને લાકડી જેવા હથિયારો લઈ આવી પહોંચ્યા હતા. અને ફરીયાદીને મા-બેન સામે ગાળો બોલીસ માર મારવા લાગ્યા હતા. જે બાદમાં ફરીયાદીએ બુમાબુમ કરતાં આસપાસથી પરિવારજનો દોડી આવતાં તેમને પણ માર માર્યો હતો. આ તરફ હવે પછી ખેતર બાજુ આવ્યા છો તો તમો બધાને જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપતાં દરમ્યાન ફરીયાદી સહિતના ખુલ્લાં ખેતરમાં ભાગી ગયા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, આ તરફ ફરીયાદીના નાના ભાઈને વાતની ખબર પડતાં તેમણે ૧૦૮ ને ફોન કરી બોલાવી હતી. જે બાદમાં ફરીયાદી સહિતનાને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ફરીયાદીને નાક ઉપર વધુ વાગેલ હોવાથી હાલ તેમની સારવાર ચાલુ છે. હુમલાની ઘટનાને લઈ મુકેશભાઈએ ૬ લોકોના નામજોગ અને અન્ય પંદરેક વ્યક્તિના ટોળાં સામે છાપી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસીની ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**કોની સામે ફરીયાદ ?**

મોહમંદ હનીફભાઈ ઈબ્રાહીમ માંકણોજીયા
મસદ હનીફ માંકણોજીયા
મસુદ હનીફ માંકણોજીયા
મુકરમ લતીફ માંકણોજીયા
કમરૂદીન અબ્દુલ માંકણોજીયા
અબ્દુલ મોમજી માંકણોજીયા
અને બીજા પંદરેક માણસો, તમામ રહે. ગામ-રજોસણા, તા.વડગામ, જી.બનાસકાંઠા

# મોડાસા : માસ્કનો દંડ ફટકારતી પોલીસ માસ્ક વગર જોવા મળતા યુવકે પોલીસકર્મીનો વિડીયો ઉતારતા પોલીસકર્મીએ યુવકને ફડાકો ઝીંક્યો

મોડાસા, તા. ૭

કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે ઘર બહાર નીકળતી વખતે માસ્ક પહેરવું ફરજિયાત છે.આવી રીતે જ કોરોનાની ચેનને તોડી શકાશે અને લોકો સુરક્ષિત રહેશે બીજી તરફ માસ્કને લઈને અનેક જગ્યા પર પોલીસ અને લોકો વચ્ચે તકરાર થતી રહે છે. તેમાં પણ સરકારે માસ્ક નહીં પહેરવાના દંડમાં વધારો કર્યો છે ત્યારથી આવા બનાવ છાસવારે બને છે હાલ સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો છે જેમાં મોડાસા શહેરની દૂધરવાડા ચોકડી પાસે માસ્ક વગર રખડપટ્ટી કરતા વાહનચાલકો અને રાહદારીઓ પાસેથી દંડાત્મક કાર્યવાહી કરનાર પોલીસકર્મી જ માસ્ક નીચે લટકાવી દંડ ઉઘરાવી રહ્યો હોવાથી એક યુવકે ફેસબુક લાઈવ કરતા પોલીસકર્મીની પોલ ઉઘાડી પડી જતા બીભસ્ત ગાળ બોલી યુવકને ફડાકો ઝીંકી દીધો હતો તમાશેને ટોળુ ન હોય તેમ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા અન્ય પોલીસકર્મીઓએ માસ્ક વગર દંડાત્મક કામગીરી કરી રહેલ પોલીસકર્મીને જ દંડ ફટકારી પાવતી આપી સ્થળ પર દંડ વસૂલી મામલો થાળે પાડતા નજરે પડી રહ્યા છે સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થતા પોલીસકર્મી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે



મોડાસા શહેરમાં પોલીસતંત્ર ફક્ત સામાન્ય વાહનચાલકો અને શ્રમિકો પાસેથી જ માસ્કની દંડની રકમ ઉઘરાવવામાં શૂરી હોવાની બૂમો ઉઠી રહી છે શહેરમાં અનેક રાજકીય અગ્રણીઓ અને પૈસાદાર લોકો માસ્ક વગર ટહેલતા હોવા છતાં તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં પોલીસતંત્ર ઘૂંટણીયા ટેકવી દેતું હોવાનું આમ આદમી અહેસાસ અનુભવી રહ્યો છે કાયદો દરેક માટે સમાન હોવો જોઈએ તેવું આમ આદમી ઈચ્છી રહ્યા છે ત્યારે રવિવારે સાંજના સુમારે મોડાસા શહેરના દુઘરવાડા ચોકડી નજીક માસ્ક વગરના લોકો સામે પોલીસે મળેલ યુવકને પોલીસ દંડ ફટકારતા દંડની કામગીરી કરી રહેલ પોલીસ ટીમમાંથી એક કર્મીએ માસ્ક ગળા નીચે લટકાવી દંડ ઉઘરાવી રહ્યા હોવાથી એક યુવકે સમગ્ર ઘટના અંગે ફેસબુક લાઈવ કરતા પોલીસકર્મી ઉશ્કેરાઈ ગયો હતો અને યુવકને બીભસ્ત ગાળ બોલી ફડાકો ઝીંકી દીધો હતો તેમ છતાં યુવકે વિડીયો ઉતારવાનું ચાલુ રાખતા તમાશો થતા અન્ય પોલીસ કર્મીઓએ માસ્ક વગર દંડાત્મક કામગીરી કરતા પોલીસ કર્મી પાસેથી જ સ્થળ પર દંડ ફટકારી રકમ વસુલ કરવાની સાથે યુવકને તું ઉભો રહેજે કહી અન્ય પોલીસ કર્મીઓ યુવક સામે ગુન્હો નોંધવાની વાત કરતા યુવક સતત પૂછી રહ્યો છે કે કઈ વાત નો ગુન્હો પણ પોલીસકર્મીઓ પાસે કોઈ જવાબ જ ન હતો ત્યારે યુવકના સમર્થનમાં આવેલા લોકોએ થપ્પડ મારનાર પોલીસ કર્મચારી પાસે માફી મંગાવાની જીદ પકડાતા આખરે પોલીસે આ અંગે જે ફરિયાદ કરવી હોય તે ફરિયાદ પોલીસ સ્ટેશનમાં જઈ કરવા જણાવી મામલો થાળે પાડવાનો પ્રયત્ન કર્યો હતો.

**પોલીસને નિયમ નથી લાગતા?**

તાજેતરમાં વાયરલ થયેલા એક વીડિયોમાં જોઈ શકાય છે કે મોડાસા શહેરના દુઘરવાડા ચોકડી નજીક એક પોલીસકર્મી માસ્ક પહેર્યા વગર માસ્ક વગર ફરતા લોકોને દંડ ફટકારી રહ્યો છે.આ અંગેનો વીડિયો એક યુવકે ફેસબુક લાઈવ કરવાની સાથે પોતાના મોબાઈલમાં શૂટ કરી લીધો હતો. જેમાં પોલીસકર્મી ઉશ્કેરાઈ જઈ યુવકને લાફો ઠોકી દીધો હતો જે અંગેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયુવેગે વાયરલ થયો છે જેમાં પોલીસકર્મીએ માસ્ક નથી પહેર્યું પરંતુ તેઓ માસ્ક પહેર્યા વગર ફરતા અન્ય લોકોને દંડ ફટકારી રહ્યા છે. આ વીડિયો વાયરલ થયા બાદ લોકોમાં એવી ચર્ચા જાગી છે કે શું નિયમ બધા સામાન્ય લોકો માટે જ છે? વીડિયો શૂટિંગ વખતે જ્યારે કોઈ વ્યક્તિ પોલીસને પૂછે છે કે સાહેબ, શું પોલીસને માસ્કનો નિયમ નથી લાગતો ત્યારે પોલીસ કર્મી લાફો મારી ધમકી આપી રહ્યો છે તે કહે છે કે તમારે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી લે વધુ એક વખત આ જ પ્રશ્ન પૂછાયો ત્યારે યુવકને કેસ કરવાની ગર્ભિત ધમકી આપવામાં આવતી હોવાનું યુવક જણાવી રહ્યો છે

# ડીસા તાલુકા કિસાન સંઘ દ્વારા બંધને સમર્થન ન આપવા અનુરોધ

ડીસા, તા. ૭

કેન્દ્ર સરકાર દ્વારા ખેતી ઉપર લાવેલ ત્રણ કૃષિ લક્ષી કાયદાને લઈ સમગ્ર દેશમાં તેનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ દિવસથી સમગ્ર દેશમાં ખેડૂત આંદોલન શરૂ થયું છે અને આજે ભારત બન્ધનું એલાન પણ આપવામાં આવ્યું છે જોકે ભારતીય કિસાન સંઘ ગુજરાત દ્વારા આ બન્ધને સમર્થન નહિ આપવાનો નિર્ણય લેવાયો છે.

ભારત એક ખેતી પ્રધાન દેશ છે જો કે તાજેતરમાં કૃષિમાં ત્રણ નવીન સુધારા કરવામાં આવ્યા છે. આ બાબતે ભારતીય કિસાન સંઘ ગુજરાત દ્વારા કાયદા બાબતે કેટલાક સુધારા બાબતે પણ રજુઆત કરી આ બન્ધથી દુર રહેવાનો રાજ્યવ્યાપી નિર્ણય લેવામાં આવ્યો છે આ બાબતે ભારતીય કીશાન સંઘ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દ્વારા તેમાં કેટલાક ફેરફાર પણ જરૂરી છે તેમ જણાવાયું હતું જેમાં ભારતીય કીશાન સંઘ દ્વારા માર્કેટની બહાર કે અંદર ક્યાંય એમ. એસ. પી. થી નીચે ખરીદી ના થાય તેવી જોગવાઈ વેપારીઓ દ્વારા નાણાંની બેંક ગેરન્ટી મળે અને વિવાદના સમયે જિલ્લામાં જ કૃષિ ન્યાયાલય ની રચના થાય એમ સૂચિત કરેલ છે અધ્યાદેશ બહાર પાડયા પૂર્વેથી જ ભા. કી. સંઘે જરૂરી સૂચન સાથે વિરોધ કર્યો હતી. દેશ ભરના ૨૫ હજાર ગામોમાંથી અનેક સાંસદો અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલ્યા હતા .આંદોલન મધ્યે પાંચ વખત ચર્ચા થઈ હતી હજુ ૯મી ચર્ચા થનાર હોઈ સરકારે વિચારણા માટે ખાતરી આપી હોઈ ત્યારે ભારત બન્ધ નું એલાન યોગ્ય નથી આમ ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિઠલભાઈ દુધાત્રા તથા પરદેશ મંત્રી બી. કે .પટેલ દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે દિલ્હી ખાતે ચાલી રહેલા કિસાન આંદોલન મધ્યે આપવામાં આવેલ ભારત બંધ ના એલાનને ભારતીય કિસાન સંઘનું સમર્થન નથી કેન્દ્ર સાથે મંત્રણાનો દોર ચાલુ છે તેમજ કોરોનાની ગંભીર પરિસ્થિતિ સર્જાયેલ હોઈ કોરોના પ્રભાવિત ધંધા રોજગાર માંડ પૂર્વવત થઈ રહ્યા છે અને આમ આદમી પાર્ટી આવા સમયે બાનમાં લેવા માટે અને આવશ્યક પુરવઠો રોકી દેવા જેવા પગલાં કસમયના જણાવી ભારતીય કીશાન સંઘ દ્વારા આજે અપાયેલ ભારત બંધથી અલગ રહેવાનો નિર્ણય કરેલ છે આ બાબતે ડીસા તાલુકા ભારતીય કીશાન સંઘના પ્રમુખ મોહનલાલ માળીએ ટેલિફોનિક સમ્પર્ક કરી જણાવ્યું હતું કે આજે અપાયેલ ભારત બંધના એલાનને ભારતીય કિસાન સંઘનું કોઈ જ સમર્થન નથી.

# અરવલ્લીના એક સીઆરસી એ અધિકારીઓથી વાહવાહી મેળવવા બનાવેલા પ્રજ્ઞારથનો ફિયાસ્કો

મોડાસા, તા. ૭

સમગ્ર રાજ્યમાં કોરોના મહામારી ના પગલે શાળા-કોલેજો બંધ છે અને સરકાર દ્વારા ઓનલાઈન શિક્ષણની પદ્ધતિ હેઠળ સમગ્ર રાજ્યમાં ઓનલાઈન શિક્ષણ અપાઈ રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ પ્રાથમિક શાળાના બાળકોને હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે જેમાં જિલ્લાના પ્રાથમિક શિક્ષકો બાળકોને ઓનલાઈન શિક્ષણ આપવાનું કામ કરી રહ્યા છે.

જિલ્લામાં ઓનલાઈન શિક્ષણની સાથે એક તાલુકાના સી.આર.સી કોર્ડીનેટર દ્વારા પોતાની પ્રાઈવેટ પ્રસિદ્ધિ અને અધિકારીઓ સાથે ફોટોગ્રાફી કરીને વાહવાહી મેળવવા માટેના એક માત્ર આશયથી ગાડી ઉપર પ્રજ્ઞા કાર્યક્રમના બેનરો મારી પ્રજ્ઞારથ નામ આપી દીધું હતું.. અંદાજિત નવ મહિનાથી શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ છે ત્યારે જિલ્લામાં એકાદ માસ અગાઉ રાજયના ઉચ્ચ અધિકારીના આગમન ટાણે જ પોતાની વાહવાહી અને પ્રાઈવેટ પ્રસિદ્ધિ તેમજ સોશિયલ મીડિયામાં વાહવાહી મેળવવા માટે બનાવેલ પ્રજ્ઞારથ નો પંદર દિવસમાં જ ફીયાસ્કો થઈ જતાં ‘ઢમ ઢોલ માંહે પોલ’ જેવો ઘાટ સર્જાયો છે. પંદર દિવસ ચાલેલો આ રથ ક્યાં ખોવાઈ ગયો..? તેવું વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચર્ચાઈ રહ્યું છે. નવ માસ ઉપરના સમયથી શાળાઓ બંધ છે ત્યારે જિલ્લામાં એકાદ માસ અગાઉ રાજયના ઉચ્ચ અધિકારીના આગમનના ટાણે જ પ્રજ્ઞારથ બનાવવાનું શૂરાતન ચડયું ..? અને એ પણ પંદર દિવસ માટે જ....? હાલમાં કોરાના મહામારી ચાલી રહી છે ત્યારે શિક્ષકો પણ પોતાના જીવની પરવા કર્યા વગર નિષ્ઠા થી કામ કરી રહ્યા છે અને શેરીએ શેરીએ શેરી શાળાઓ પણ ચલાવી રહ્યા છે. જિલ્લાના અન્ય સીઆરસી ઓ પણ કોઈ પણ પ્રકારની પ્રસિધ્ધિ ઓ વગર આજે પણ વિશેષ કામ કરી જ રહ્યા છે.. ત્યારે શિક્ષકોના ઉપરવટ જઈને માત્ર પોતાના કામનો બનાવટી દેખાડો કરનારા આવા વ્યક્તિથી અધિકારીઓએ પણ ચેતવાની તાતી જરૂરિયાત છે.

# પાલનપુર તાલુકા પંચાયત ખાતે ફરજ બજાવતા અધિક મદદનીશ ઈજનેર ગોવિંદભાઈ આર ચૌધરીને ડી.ઈ.નુ પ્રમોશન મળતાં પાટડી હાજર થયા

વડગામ, તા. ૭

પાલનપુર તાલુકા પંચાયતના બાંધકામ શાખામાં અધીક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા ગોવિંદભાઈ.આર.ચૌધરીને ડેપ્યુટી.ઈજનેરનુ પ્રમોશન મળતાં તેમના મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. વડગામ તાલુકાના એદરાણા ગામના રહેવાસી અને પાલનપુર તાલુકા પંચાયત ના બાંધકામ શાખામાં અધીક મદદનીશ ઈજનેર ની ફરજ બજાવતા ગોવિંદભાઈ.આર.ચૌધરીને



ડેપ્યુટી.ઈજનેર તરીકે નું પ્રમોશન મળતાં તેઓને સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ખાતે હાજર કરાયા હોવાનું સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.જી.આર.ચૌધરી દ્વારા વડગામ, પાલનપુર, દાંતા,દિયોદર,ભાભર સહીત તાલુકા પંચાયત માં કુશળ કામગીરી કરાઈ છે.જેઓને સરકાર દ્વારા ડી.ઈ.નુ પ્રમોશન અપાતા તેમના સગાંસંબંધી સાથે તેમના સમર્થકો મા આનંદ છવાયો છે.અને તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવા આવી છે

# અમદાવાદના ત્રણ બુટલેગરો ટેમ્પામાં ૧.૦૮ લાખનો દારૂ ભરી ખેપ મારી રહ્યા હતા

## અરવલ્લી એલસીબીએ ગાજણ ટોલપ્લાઝા પરથી દબોચ્યા

મોડાસા, તા. ૭





અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ બુટલેગરો નિતનવા નુસખા અપનાવી ઘુસાડી રહ્યા છે અમદાવાદના ગ્યાસપુરના ત્રણ બુટલેગરો ટેમ્પો ટ્રકમાં વિદેશી દારૂની ખેપને અરવલ્લી એલસીબી પોલીસે નિષ્ફળ બનાવી ગાજણ ટોલપ્લાઝા નજીક ટેમ્પો ટ્રકમાંથી કેરેટની આડમાં સંતાડેલ ૧.૦૮ લાખનો દારૂ જપ્ત કરી ત્રણે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી .





અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે મોડાસા-શામળાજી હાઈવે પર ગાજણ ટોલપ્લાઝા નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા ટેમ્પો ટ્રકની શંકાસ્પદ ઝડપને પગલે અટકાવી તલાસી લેતા ટેમ્પો-ટ્રકમાં ફ્રૂટના કેરેટની આડમાં સંતાડી રાખેલી વિદેશી દારૂની બોટલ નંગ-૨૧૬ કીં.રૂ.૧૦૮૦૦૦/- નો જથ્થો જપ્ત કરી ટેમ્પો ટ્રક ચાલક ૧)મો.યુસુફ મોં.ઐયુબ શેખ, ૨)મોં.રઝાક ફરીદ સિપાઈ અને ૩)મોં.નવાજ મોં.સબ્બીર અંસારી (ત્રણે.રહે,ગ્યાસપુર અમદાવાદ) ની ધરપકડ કરી ટેમ્પો ટ્રક,મોબાઈલ-૪,ખાલી કેરેટ અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૬૧૬૮૦૦/- નો જથ્થો જપ્ત કરી ત્રણે બુટલેગરો વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ભારત બંધના સમર્થનમાં અને વિરુદ્ધમાં સોશ્યલ મીડિયામાં રાજકીય પોસ્ટ ધડાધડ વાયરલ

















મોડાસા, તા. ૭

કેન્દ્રીય કૃષિ સંબંધિત નવા કાયદાઓના વિરોધમાં દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનને પગલે ૮મી ડિસેમ્બરને મંગળવારે દેશવ્યાપી બંધનું એલાન જાહેર થયું છે, ત્યારે ગુજરાતમાં વિરોધ પક્ષ કોંગ્રેસ સહિત વિવિધ ખેડૂત સંગઠનોએ આ બંધને ટેકો આપતા તે દિવસે બંધ પાળવાની સાથે ચક્કાજામ, ધરણાં, સૂત્રોચ્ચાર, દેખાવો જેવા કાર્યક્રમો યોજવાનું પણ જાહેર કર્યું છે હાલ અરવલ્લી જીલ્લામાં ભારત બંધના સમર્થનમાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકર્તાઓ રણનીતિ બનાવી રહ્યા છે અને સોશ્યલ મીડિયામાં ભારત બંધને સમર્થન માટે પોસ્ટ અને મેસેજ વાયરલ કરી રહ્યા છે બીજી બાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ભારત બંધને મારુ સમર્થન નથી હું વડાપ્રધાન મોદી સાથે છું ની પોસ્ટ અને મેસેજ વાયરલ કરી રહ્યા છે

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો દ્વારા આવતીકાલે ભારત બંધનુ એલાન અપાયુ છે ત્યારે કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે કે, ખેડૂતોના મનની વાત સરકાર સાંભળે અને કાળો કાયદો પાછો ખેંચે તેમજ મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધને સમર્થન જાહેર કરતા અરવલ્લી જીલ્લો પણ બંધ રહે તે માટે કોંગ્રેસના અગ્રણીઓ રણનીતી તૈયાર કરી બંધને સંપૂર્ણ સફળતા મળે તેવા પ્રયત્નો આદર્યા હોવાની સાથે સોશ્યલ મીડિયામાં ભારત બંધના સમર્થનમાં પોસ્ટ અને મેસેજ વાયરલ કરી લોકોને પ્રભાવીત કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસે કરેલ ભારત બંધના સમર્થનનો ફિયાસ્કો થાય અને અરવલ્લી જીલ્લામાં બંધની અસર નહિવત જોવા મળે તે માટે અથાગ પ્રયત્નો હાથધર્યા છે અને હું ભારત બંધના સમર્થનમાં નથી હું પીએમ સાથે છું ની પોસ્ટ સોશ્યલ મીડિયામાં વાયરલ કરી કોંગ્રેસે આપેલ બંધને નિષ્ફળ બનાવવા માટેની કામગીરીમાં લાગી ગઈ છે

અત્રે ઉલ્લેખનીય છે કે અરવલ્લી જીલ્લામાં કોંગ્રેસે આપેલ અત્યાર સુધીના બંધના એલાનને મહત્તમ સફળતા મળતી નથી તેમાંય ખાસ કરી શહેરી વિસ્તારો અને તાલુકા મથકો પર કોંગ્રેસ પકડ ગુમાવી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે જોવું રહ્યું કે મંગળવારે ખેડૂતોએ આપેલ ભારત બંધના એલાનમાં સમર્થન આપનાર કોંગ્રેસ અરવલ્લી જીલ્લામાં બંધની અમલવારીમાં સફળ રહે છે કે પછી નિષ્ફળ રહેશે.